# કાપણી પછી તરત જ ખેડૂતભાઈઓ જીરૂ વેચવાનો નિર્ણય લઈ શકે છે

જીરૂ ભારતમાં રવિ પાક તરીકે મુખ્યત્વે ગુજરાત અને રાજસ્થાનમાં ઉગાડવામાં આવે છે. જીરાનો સૌથી મોટો ઉત્પાદક અને વપરાશકાર દેશ પણ ભારત છે. સમગ્ર વિશ્વમાં મસાલા તરીકે તેની નોંધપાત્ર માંગ છે, કે જ્યાં ખાસ કરીને મસાલાવાળા ખોરાકને પસંદ કરવામાં આવે છે. જીરાની ખેતી ભારત ઉપરાંત, સીરિયા, ઈરાન, તુર્કી, ચીન અને લેટિન અમેરિકામાં પણ થાય છે. પરંતુ આ દેશોનું ઉત્પાદન મોડું જૂન-જુલાઈમાં આવે છે .

સને ૨૦૧૮-૧૯ માં ભારતમાં જીરાનું કુલ વાવેતર ૧૦.૨૮ લાખ હેકટરમાં થયેલ અને ઉત્પાદન અંદાજે ૬.૦૮ લાખ ટન જેટલું મળેલ હતું, જે ગત વર્ષ જેટલું જ હતું. તેમજ સને ૨૦૧૭-૧૮માં જીરાની નિકાસ ૧.૪૪ લાખ ટન થયેલ હતી, જે વધીને ૨૦૧૮-૧૯ માં ૧.૮૦ લાખ ટન થયેલ હતી. આ ઉપરાંત, ચાલું વર્ષે એપ્રિલ થી ડિસેમ્બર, ૨૦૧૯ સુધીમાં લગભગ ૧.૬૯ લાખ ટન જીરાની નિકાસ થયેલ છે. જેથી, નિકાસ અને સ્થાનિક માંગમાં નોંધપાત્ર સુધારો થવાનાં લીધે ગુજરાતમાં જીરૂનાં ભાવ માર્ચ, ૨૦૧૮માં મણનાં રૂ|. ૨૮૦૦ ની આસપાસ હતા, જે થોડા વધીને માર્ચ, ૨૦૧૯માં મણનાં રૂ|. ૩૦૦૦ અને ત્યારબાદ વધુ વધીને ઓગસ્ટ, ૨૦૧૯માં મણનાં રૂ|. ૩૧૦૦જેટલા થયેલ.

ચાલું વર્ષ ૨૦૧૯-૨૦માં ગુજરાતમાં જીરાનું વાવેતર વધીને અત્યાર સુધીનું મહત્તમ ૪.૭૪ લાખ હેક્ટર (બીજો આગોતરો અંદાજ તા. ૨૦-૦૧-૨૦૨૦) જેટલું થયેલ છે. જે ગયા વર્ષે ૩.૫૦ લાખ હેકટર હતું તેમજ ઉત્પાદન ગત વર્ષ ૨૦૧૮-૧૯ માં ૨.૦૬ લાખ ટનની સામે આ વર્ષે વધીને ૩.૧૨ લાખ ટન જેટલું થશે. રાજસ્થાનમાં પણ જીરાનું વાવેતર ગયા વર્ષ કરતા વધારે થયેલ હોવાના અહેવાલ છે. તેથી, ચાલુ વર્ષે દેશમાં જીરાનું ઉત્પાદન ૬.૫ લાખ ટનથી વધારે થવાની ધારણા છે જે સ્થાનિક વપરાશ અને નિકાસની માંગને પહોંચી વળવા માટેની જરૂર કરતા વધારે છે. ગયા વર્ષનો બીન-વપરાશી જથ્થો પણ વધુ હોઈ શકે, તેથી જીરાના ભાવ ચાલુ વર્ષમાં નીચા રહે તેવી શક્યતા છે. હાલમાં ગુજરાતના વિવિધ બજારોમાં જીરૂનો ભાવ મણના રૂ|. ૨૪૦૦ની આસપાસ પ્રવર્તમાન છે.

ઉપરોક્ત વિગતે ઉત્પાદન, નિકાસ અને વપરાશના અહેવાલોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, જુનાગઢની સંશોધન ટીમે રાજકોટ માર્કેટિંગયાર્ડનાં જીરાનાં ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેશણ કરેલ છે. જેના તારણ મુજબ એક અનુમાન છે કે જીરૂનો ભાવ **માર્ચ – એપ્રિલ, ૨૦૨૦ દરમ્યાન (કાપણી સમયે) મણનાં રૂ|. ૨૨૫૦ થી ૨૫૦૦ જેટલા રહેવાની સંભાવના છે.** જેથી ખેડૂતભાઈઓ જીરાનો સંગ્રહ ન કરતા, કાપણી પછી તરતજ વેચાણ કરવા પોતાની રીતે નિર્ણય લઈ શકે છે.

હાલ કોરોના વાયરસની સમસ્યાને કારણે વૈશ્વિક વેપારમાં મોટા પાયે ઘટાડો થઈ શકે છે. જેથી જીરાનાં ભાવ વધુ નીચા જાય તો તે સ્થિતિમાં, ખેડૂતો થોડા મહિના જીરાનો સંગ્રહ કરી બજાર સુધરે ત્યારે વેચાણ કરવા પોતાની રીતે નિર્ણય કરી શકે છે.